# ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝગડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ પ્લાન્ટ દ્વારા પર્યાવરણ સાતત્ય માટે અનોખી પહેલ

ડીસીએમ શ્રીરામ લિમિટેડના ઝગડીયા સ્થિત શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ પ્લાન્ટ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે તારીખ ૨૭-૦૫-૨૦૧૯ થી ૧૧-૦૬-૨૦૧૯ સુધી પર્યાવરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને યુનિટ હેડ શ્રી કે આર વૈદ્ય દ્વારા કંપની દ્વારા પર્યાવરણની જાળવણી માટે લેવામાં આવતા વિવિધ પગલાંઓ જેવાં કે શૌચાલયોના બાંધકામ દ્વારા ગામને ખુલ્લામાં શૌચ મુક્ત કરવું, ફૂલવાડી અને કપલસાડી ખાતે ખેત વિસ્તારમાં વરસાદી પાણીના સંચય માટેના ૩૫ યુનિટ બનાવવામાં આવ્યા, વિ. ઉપર માહિતી આપવામાં આવી. વધુમાં, કંપની દ્વારા ગ્રામ્ય લોકોના આરોગ્ય હેતુ કેમ્પનું આયોજન, શિક્ષણ હેતુ શિષ્યવૃતિ વિતરણ ઉપરાંત આવનારા દિવસોમાં ભરૂચ શહેર ખાતે શરુ કરવામાં આવનાર વિવિધ પહેલો વિષે જાણકારી આપવામાં આવી. આ ઉપરાંત જીઆઇડીસી દ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ ઉપર વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન લગભગ ૫૦૦૦ વૃક્ષનું વાવેતર કરવામાં આવ્યું હતું તેમજ ૬૫૦૦ જેટલા ઝાડ ઉછેરવા અંગે કંપનીની પ્રતિબદ્ધતા જણાવી હતી.